ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૨૯ ટકા

# શહેરમાં મસાલાની છેલ્લી ઘડીની ખરીદી



ગાંધીનગર, તા.૧૭

ઘરની રસોઈમાં જો સ્વાદિષ્ટ મસાલા ન નંખાય તો સ્વાદ ફિક્કો પડી જાય છે તેમ મસાલા પણ ધ્યાનથી ચીવટપૂર્વક ખરીદવામાં આવે તો રસોઈ આપોઆપ સ્વાદિષ્ટ બની જતી હોય છે. નગરજનો બસ હવે છેલ્લી ઘડીએ મસાલાની ખરીદી કરી રહ્યા છે. માર્ચથી શરૂ થતી સિઝન હવે પતવાના આરે છે ત્યારે શહેરના વિવિધ જગ્યાએ મળતા મસાલાના સ્થળે મસાલાનો સ્ટોક ખાલી થતો જોવા મળી રહ્યો છે.

આમ તો, મરચું, હળદર, ધાણાજીરૂ, જીર, અજમો, મેથી, રઈ, તલ, હીંગ, ગરમ મસાલો જેવા તમામ મસાલા બારે માસ દુકાનમાં પેકેટ સ્વરૂપે ઉપલબ્ધ જ રહે છે જે અલગ અલગ કંપની દ્વારા બનાવીને વેચાણમાં મુકાય છે પરંતુ વર્ષોથી ચાલતી આવતી પરંપરા મુજબ દેશી, રેશમપટ્ટી કે કાશ્મીરી મરચાને ખરીદી તેને દળાવીને મોહીને ભરવામાં આવે છે. ઘરની ગૃહિણીઓ મરચું ખરીદી ત્યાં જ દળાવે સાથે સાથે હળદર, ધાણાજીરૂ એમાં ધાણા અને જીરાનું પ્રમાણ, ગરમ મસાલામાં ભેળવાતા મસાલા દરેકનું ચીવટપૂર્વક ધ્યાન રાખે છે તો બીજી બાજુ તૈયાર મળતા મસાલાની પધ્ધતિ કંપની મુજબ જ તૈયાર કરાયેલી અને જેવી હોય તે મુજબ જ લઈને મસાલાનો ઉપયોગ થાય છે. શહેરમાં છેલ્લી ઘડીની ગણતરીમાં મસાલાની ખરીદી થઈ રહી છે અને અમુક જગ્યાઓ પરતો મસાલાનો સ્ટોક પૂરો પણ થતો જોવા મળી રહ્યો છે.

# શહેરના વેપારીઓ હાલ ગ્રાહકો માટે ફાંફા મારે છે

## ઓનલાઈન સાઈટ દ્વારા અપાતી ચોઈસ અને સુવિધાથી શહેરીજનો વધુ આકર્ષાય છે

ગાંધીનગર, તા.૧૭

શહેરમાં જયારે વેપાર ધંધા માટેના કેન્દ્રોનો માર્ગ મોકળો થઈ રહ્યો છે. દુકાનો અને શોપીંગ મોલ બની રહ્યા છે અને ઘર-ઘરાઉ વસ્તુ વેચવાનો પણ વેપાર ચાલી રહ્યો છે છતાં શહેરના વેપારીઓ ગ્રાહકોની શોધમાં છે જેનું કારણ ઓનલાઈન શોપીંગ છે તેમ કહી શકાય. આજકાલ ઓનલાઈન સાઈટ દ્વારા ભરમાર ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે જેનાથી ગ્રાહકો ત્યાંથી ખરીદી કરવા તરફ આકર્ષાય છે. આ ઉપરાંત ચીજ વસ્તુ ઘરે બેઠા મળી જતા શહેરીજનોને સરળતા રહે છે.

ટેકનોલોજીના આગળ ધપતા પગલા આજે હાથમાં દુનિયા બતાવી રહ્યા છે ત્યારે આજે દરેક ચીજવસ્તુઓ પણ એક કિલક સાથે માણસ પાસે પહોંચી જાય છે. ઓનલાઈન શોપીંગ સિસ્ટમનો વેગ વધી રહ્યો છે. આજે ઘરે બેઠા કરિયાણાથી લઈ ઘર વપરાશની દરેક ચીજવસ્તુઓ ઉપરાંત કપડાં, ચપ્પલ કે પછી કાર-એસેસરીઝ સાથે નાની મોટી દરેક ચીજવસ્તુ ઓનલાઈન ઉપલબ્ધ છે. સાથે સાથે ૪-જી આવવાને લીધે ઝડપી કમ્યુનિકેશન થયું છે આજે શહેરીજનોને ખાસ ઘરની બહાર જઈ કપડાંની ખરીદી કરવા કરતા ઓનલાઈન શોપિંગ કરવાનું વધુ પસંદ છે. શહેરની ગૃહિણીઓથી માંડી યુવાનો તથા બાળકો આજે ઓનલાઈન શોપિંગને વધુ મહત્વ આપી રહ્યા છે. ઉનાળામાં ચાલતી વિવિધ ડિસ્કાઉન્ટેડ સ્કીમને લીધે ઓનલાઈન વસ્તુની ડિમાન્ડ વધી છે. ઓનલાઈન સાઈટ જેવી કે અમેઝોન, મિન્થ્રા, ફિલપકાર્ટ, માયકા, ઈબે, જબાંગ, સ્નેપડિલ જેવી વિવિધ સાઈટ પરથી કપડાં, મેકઅપ, ઘરવખરી, કરિયાણું, રમતગમતના સાધનો ઉપરાંત ઘણી જીવન જરુરિયાતની ચીજવસ્તુ માર્કેટથી સસ્તા ભાવે (ડિસ્કાઉન્ટ સાથે) મળી રહે છે. જેને લીધે શહેરના વેપારીઓને ઘરાકી ઘટી છે. આજે ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં શહેરના વિવિધ સેકટરોના શોપિંગ સેન્ટરમાં દુકાન ચલાવતા કે માર્કેટમાં મોટી મોટી શૉ રૂમ જેટલી દુકાન બાંધીને બેઠેલા વેપારીઓ ઓનલાઈન મળતા ડિસ્કાઉન્ટ જેટલું ડિસ્કાઉન્ટ આપી નથી શકતા. ગ્રાહકો લોભામણી જાહેરાતોથી જ આકર્ષાય છે ત્યારે આ વેપારીઓ તેમના માટે ઈચ્છે તો પણ ભાવ ઓછો નથી કરી શકતા. ગ્રાહકોને આજે ઓનલાઈન શોપિંગથી ચોઈસ પણ વધુ મળી રહે છે જયારે શહેરના વેપારીઓ પાસે એટલું કલેકશન પણ હોતું નથી. અને ખાસ જો ઘરે બેઠા ચીજ વસ્તુ મળી જતી હોય તો શહેરીજનો ઓનલાઈન ખરીદીના ઓપ્શનને વધુ પસંદ કરશે. હવે તો શાકભાજી પણ ઓનલાઈન મળી રહ્યા છે. શહેરના યુવાઓ ડાયરેકટ ઓનલાઈન સાઈટમાંથી ઓર્ડર કરવાનું વધુ પસંદ કરી રહ્યા છે. ઓફલાઈન વેપાર આમ તો વધુ મહત્વનો ગણાય છે પરંતુ તેની પહોંચ ઓછી છે અને ચોઈસ પણ ઓછી જયારે ઓનલાઈન વેપાર હવે વિશ્વાસપાત્ર પણ છે જેના લીધે શહેરના વેપારીઓ આજે ગ્રાહકો શોધે છે.

# સેકટર-૨ સી ખાતે આધેડે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

ગાંધીનગર, તા.૧૭

કલોલ કોર્ટ પરિસરમાં ટાઈપીસ્ટ તરીકે ફરજ બજાવતા અને ગાંધીનગર શહેરના સેકટર-૨ સી ખાતે રહેતા આધેડ વયના નાગરીકે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું છે. વહેલી સવારે રસોડામાં આવેલા પંખા લટકીને આપઘાત કરી લીધો હતો. બનાવ અંગે જાણ થતા પરિવારના સભ્યો સારવાર માટે તાત્કાલીક સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જયા ફરજ પરના તબિબે તેમને મૃત જાહેર કર્યા હતા.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દિલીપ વિઠ્ઠલભાઈ પરમાર (ઉં.વ.૪૬) કલોલ કોર્ટમાં માં ટાઈપીસ્ટ તરીકે ફરજ બજાવતા હતા. અને પોતાના પરિવાર સાથે સેકટર-૨ સી ખાતે રહેતા હતા. પરિવારમાં પત્ની અને બે બાળકો ધરાવતા દિલિપભાઈએ શુક્રવારના રોજ વહેલી સવારે રસોડામાં પંખે લટકીને ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવતા હાહાકાર મચી જવા પામી હતી. પોતાના પતિનો લટકતો મૃતદેહ જોઈ ચોંકી ઉઠેલા પત્નીએ બુમાબુમ કરતા પરિવારના સભ્યો અને આસપાસના વસાહતીઓ દોડી આવ્યા હતા. દિલિપભાઈને તાત્કાલીક સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયા હતા જયાં ફરજ પરના ડોકટરે તેઓને મૃત જાહેર કર્યા હતા.બનાવ અંગે પોલીસને જાણ કરતા પીએસઆઈ કાળાત તાત્કાલીક હોસ્પિટલ પહોંચી ગયા હતા અને મૃતદેહનું પીએમ કરાવવાની તજવીજ હાથ ધરી હતી.પોલીસના પ્રાથમિક જણાવ્યા મુજબ દિલિપભાઈએ અગાઉ પોતાના ભાઈ અને પિતાને નોકરી નથી કરવી એવુ જણાવ્યું હતું. જે બાદ તેઓ ડિપ્રેશનમાં રહેતા હતા જેને પગલે તેઓએ આ પગલુ ભર્યુ હતું. જો કે તેમની પાસેથી કોઈ સ્યુસાઈડ નોટ કે બીજુ કંઈ મળી આવ્યું નથી. બનાવ અંગે પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

# ચિલોડા ચાર રસ્તા પર મહિલાના ગળામાંથી સોનાના દોરાની ચીલઝડપ

ગાંધીનગર,તા.૧૭

શહેરમાં ચોરી, લુંટફાટ, વાહનચોરીના બનાવોની સાથે આજે ચિલોડા ચાર રસ્તા પાસે મહિલાના ગળામાંથી સોનાના દોરાની ચીલ ઝડપની ઘટના બનવા પામી છે. ચિલોડા પાસે લાલ કલરના એકટીવા પર આવેલા બે શખ્સો પોલીસ જવાનની પત્નીનો દોરો તોડી ભાગી છુટયા હતા. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસો ચેઈન સ્નેચર્સને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ બ્રાંચમાં પોલીસ ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા દોલતસિંહ રાજપૂતના પત્ની રાધાબેન (૩૮ વર્ષ) પોતાના પુત્ર સાથે બુધવારે મોડી સાંજે ચિલોડા જવા નીકળ્યા હતા. બીએસએફ કેમ્પથી ચિલોડા તરફ જતા સમયે તેમની પાસે લાલ કલરના નંબર વગરના એકટીવા પર આશરે ૨૦ થી ૨૫ વર્ષની ઉંમરના બે યુવકો આવ્યા હતા. આ સમયે એકટીવા પાછળ બેઠેલા યુવકે અચાનક રાધાબેનના ગળામાં પહેરેલ ૨૫ હજારની કિંમતનો સોનાનો દોરાની ચીલઝડપ કરી હતી. આ સમયે તેમના એકટીવાનું બેલેન્સ ન રહેતા તેમનો પુત્ર એકટીવાનું બેલેન્સ કરે તે પહેલા ચેઈન સ્નેચર્સ ભાગી છુટયા હતા. બનાવનો પગલે રાધાબેનો ચિલોડા પોલીસ મથકે ફરીયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કૌશલ્ય લેડીઝ કલબ શ્રમિક પરિવારના બાળકોને આબુ લઈ જશે

## બાળકોની આંતરિક શકિત ખીલે અને તેઓ વિવિધ ક્ષેત્રે આગળ વધે તે અર્થે બોરીજ પ્રાથમિક શાળાની ધો-૫ થી ૮ની બાલિકાઓને આબુ ઓમ શાંતિ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સમર કેમ્પમાં લઈ જવામાં આવશે

ગાંધીનગર, તા.૧૭

સમાજ સેવાના કાર્યો આજે શહેરમાં વિવિધ ગૃપ દ્વારા થઈ રહ્યા છે. જરૂરીયાતમંદને જોઈતી ચીજ-વસ્તુ આપવી, સિઝન મુજબ વિવિધ ફળ કે ચીજવસ્તુઓનું દાન કરવાની પ્રવૃત્તિ શહેરમાં થતી જોવા મળે છે. આવું જ એક ગાંધીનગરનું કૌશલ્ય લેડીઝ કલબ નામનું ગ્રુપ જે શહેરની જરૂરિયાતમંદ બાળાઓને તેના લગ્ન પ્રસંગે મદદ કરે છે. આ ઉપરાંત શાળાની બાળાઓને વિવિધ જગ્યાએ પ્રવાસે લઈ જઈ તેમનામાં રહેલી આંતરિક શકિત ખીલે તેવો પ્રયત્ન કરે છે. હાલમાં જ સંસ્થા દ્વારા બોરીજ પ્રાથમિક શાળાની ધો-૫ થી ૮ની બાલિકાઓને ઓમશાંતિ સેન્ટરમાં લઈ જવામાં આવનાર છે જયાં બાલિકાઓ દ્વારા કલ્ચર વિંગની પ્રવૃત્તિમાં ભાગ લેવામાં આવશે. આ ઉપરાંત અલગ



અલગ પ્રવૃત્તિમાં તેમના દ્વારા ભાગ લેવામાં આવશે.

બાળકોની આંતરિક શકિત ખીલે અને તેઓ વિવિધ ક્ષેત્રે આગળ વધે તે અર્થે કૌશલ્ય લેડીઝ કલબ દ્વારા બોરીજ પ્રાથમિક શાળાની ધો-૫ થી ૮ની બાલિકાઓને આબુ ઓમ શાંતિ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સમર કેમ્પમાં લઈ જવામાં આવશે જયાં ભારતના જુદા જુદા સ્થળેથી બાળકો આવી સંસ્થા દ્વારા થતી આધ્યાત્મિક, કલ્ચર વીંગ પ્રવૃત્તિ, રમતગમત, ચિત્ર, વાર્તાલેખન જેવી સ્પર્ધાઓમાં ભાગ લેશે. બોરીજની બાલિકાઓ દ્વારા ગરબો, પંજાબી ડાન્સ, દેશભકિત ગીત એમ છ કૃતિઓ રજુ કરવામાં આવશે. કેમ્પમાં જનાર ૪૨ જેટલી સ્લમ વિસ્તારમાં રહેતી બાળાઓ પહેલીવાર આ પ્રવૃત્તિમાં ભાગ લઈ રહી છે અને આબુના ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં પણ પ્રથમ વખત સ્લમ વિસ્તારની બાળાઓ મોટી સંખ્યામાં હાજર રહેનાર છે. આ પ્રવૃત્તિ અંતર્ગત સંસ્થા દ્વારા બાલિકાઓને આશીર્વાદ આપવા અર્થે શહેરના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ, ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર, સ્ટેન્ડિંગ ચેરમેન જીગાબાપુ, શાસના અધિકારી શ્રી ઝાલા, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા, ઓમ શાંતિ કેન્દ્રના કૈલાસદીદી અને તારાદીદી તથા કૌશલ્ય ગ્રુપના સભ્યો હર્ષાબા ઘાંઘર, ગીતાબેન ખુમાન, વૈશાલી જોષી, હર્ષાબેન પટેલ, જયશ્રીબેન તથા આચાર્ય કાશ્મીરાબેન વ્યાસે ખાસ ઉપસ્થિત રહી બાલિકાઓને આશીર્વાદ આપ્યા હતા. આ ઉપરાંત ગાંધીનગર સમાચારના તંત્રી શ્રી કૃષ્ણકાંત જહા દ્વારા લીલી ઝંડી આપી બાલિકાઓને પ્રસ્થાન કરાવ્યું હતું.

# સે-૭ જીનાલયની સાલગીરી નિમિત્તે ધ્વજારહોણ કરાયું

ગાંધીનગર, તા.૧૭

અરિહંત જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટ સે-૭ જીનાલયની ૧૬મી સાલગીરી નિમિત્તો લોદરા નિવાસી રઈબેન ત્રિકમલાલ શાહ પરિવારના મોભી કીર્તિભાઈના હસ્તે પ.પૂ. રાજહંસ વિજયજી મહારાજની નિશ્રામાં ધ્વજારહોણ કરવામાં આવ્યું હતું. નવકારસીનો લાભ કુમુદબેન પ્રદીપભાઈ શાહે લીધો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં મહાનુભાવોએ હાજર રહી ઉજવણી કરી હતી.

## ચિરવિદાય

- સ્વ. જાદવ અમૃતલાલ નારણભાઈ, ઉ.વ. ૬૫
- સ્વ. દિલીપકુમાર વિઠ્ઠલભાઈ પરમાર, ઉ.વ. ૪૬

# બ્રહ્માકુમારીઝ ખાતે વરિષ્ઠ નાગરિકોના સુખાકારી માટે પ્રવચનોનું આયોજન

ગાંધીનગર, તા.૧૭

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતેના પીસપાર્કના હોલમાં ૧૯, મે, ૨૦૧૯ રવિવારે સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ વરિષ્ઠ નાગરિકોના સુખાકારી માટે પ્રવચનોનું એક સુંદર આયોજન કરવામાં આવેલ છે.

વરિષ્ઠ નાગરિકોના સુખાકારી અભિયાનના પ્રણેતા ભ્રાતા ચિરાગ શરદકુમાર જાની કે જેમણે કોમર્સ, બિઝનેસ એડમીનીસ્ટ્રેશન, કોમ્પ્યુટર એપ્લીકેશન, લોઝ અને ફિલોસોફી (ગોલ્ડ મેડલ સાથે)માં માસ્ટર ડીગ્રી પ્રાપ્ત કરેલ છે. સોસીયલ કોસ્ટ બેનીફીટ એનાલીસીસ ઓફ ડાયાબીટીસ, હાયપરટેન્શન, કેન્સર એન્ડ કાર્ડીયોવાસ્ક્યુલર પર અત્યંત સફળતાપૂર્વક સંશોધન કરી મહાનિબંધ લખેલ છે. હાલ ડોક્ટર ઓફ ફીલોસોફીમાં હેમચંન્દ્રાચાર્ય યુનિવર્સીટીમાંથી વરિષ્ઠ નાગરિકો ઉપર અભ્યાસ કરી રહ્યા છે. ૨૧ સદીમાં વરિષ્ઠ નાગરિકોને જીવન જીવવાની ૨૧ જડીબુટ્ટી પર મહેસાણા મુકામે બેસ્ટ પ્રેઝન્ટેશન માટેનો સુવર્ણચન્દ્રક ભાભા રિસર્ચ ઓર્ગેનાઈઝેશનમાંથી પ્રાપ્ત કરેલ છે. ગુજરાતના જુદા જુદા પેપરોમાં વૃધ્ધ અવસ્થાની દાસ્તાન, વૃધ્ધ અવસ્થાની સમૃધ્ધીની દિશા, સ્મિતનું ઝરણું, હાસ્ય જીવનનું ઔષધ, સ્મિતના તરંગો, સ્મિત સાથે દિનચર્યના ઔષડ, સ્મિત બુધ્ધા જેવા લોકપ્રિય આર્ટીકલ્સ પણ લખેલ છે તેઓશ્રી વરિષ્ઠ નાગરિકોના જીવન જીવવાની જડીબુટ્ટી પણ પ્રવચન આપશે.

સાથે સાથે આંતરરાષ્ટ્રિય માનવ અધિકાર એવમ અપરાધ વિરોધ સંગઠનના સ્ટેટ પ્રેસિડેન્ટ ભગિની જયશ્રીબેન બાબરીયા સૂર્ય કેન્દ્રનો અભ્યાસ, સાયટીકા માટે એક્યુપ્રેશર અને એક્યુપ્રેશરના સાધનોઅનો પરિચય અને ઉપયોગ વિષય પર પ્રવચન આપશે. તો આધ્યાત્મિક વાતાવરણમાં આયોજિત વરિષ્ઠ નાગરિકોના આ સુંદર મજાના કાર્યક્રમને માણવા સેવાકેન્દ્ર સંચાલિકા આદરણીય કૈલાશ દીદી દ્વારા જણાવાયું છે.

# પંચદેવ મંદિર ખાતે રકતદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ઉનાળાની ગરમીમાં લોહીની અછત સંદર્ભે વસાહત મંડળ સે-૨૨ દ્વારા તા. ૧૯મેના રોજ સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન સે-૨૨ સ્થિત પંચેદવ મંદિર ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે રકતદાતાને સંસ્થા દ્વારા ડોનર કાર્ડ અને સર્ટીફીકેટ આપવામાં આવશે. વધુ માહિતી માટે સંસ્થા દ્વારા ૯૮૨૪૨૭૩૫૦૩, ૯૮૯૮૦૬૫૦૧૨, ૯૯૨૪૮૫૦૨૭૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# સિવિલમાંથી વધુ એક બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સિવિલમાં બાઈક ચોરીના બનવો અટકવાનું નામ લેતા નથી. આંતરે દિવસે સિવિલમાંથી બાઈક ચોરી થાય છે. વાહન ચોરી માટે સિવિલ સોફ્ટ ટાર્ગેટ બની ગયું છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં બિમાર મિત્રની ખબર અંતર પુછવા ગયેલા ઈન્દ્રોડા ગામના યુવાનના બાઈકની ગણતરીની મિનીટમાં ઉઠાંતરી થવા પામી છે. રાત્રીના ૯ વાગ્યાના અરસામાં ખબર પુછવા ગયેલા યુવાન દશ વાગ્યાના અરસામાં પરત ફરતા બાઈક ગુમ હતું. ત્યારે પહેલા દિવસે બાઈક ચોરી થતી હતી હવે રાત્રીના સમયે પણ બાઈક ચોરીના કિસ્સા સામે આવ્યા છે. ત્યારે યુવાને બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વાહનચોરને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં સમાવેશ ઈન્દ્રોડા ગામના બ્રાહ્મણવાસમાં રહેતા રોહીતજી નરસિંહજી મકવાણા ઉં.વ.-૨૯ પોતાના પરિવાર સાથે રહે છે. ઈન્ફોસીટી ખાતે એપોલો કોરી વર્ક કંપનીમાં ઓફિસ આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. કંપનીના મેનેજર ડાયરેકટર દિપક વસંતલાલ પટેલનું હીરો હોન્ડા ડીલક્ષ બ્લ્યુ કલરનું વર્ષ ૨૦૧૨ના મોડલનું જી.જે.૧૮.સી.બી-૬૫૩૫ નો ઉપયોગ કંપનીના કામઅર્થે કરતા હતો. ગત તા. ૨૯ એપ્રિલના રોજ કંપનીના મેનેજર દિપકભાઈનું બાઈક લઈને સિવિલ હોસ્પિટલ ખાતે રાત્રીના નવ વાગ્યાના અરસામાં સિવિલ કેન્ટીન સામે બાઈક પાર્ક કરીને લોક મારીને હોસ્પિટલ ની અંદર ગયો હતો. મિત્રની ખબર કાઢીને ગણતરીની મિનિટમાં પરત ફરતા બાઈક સ્થળ પર ન હતું. બાઈકની ખાનગી રીતે તપાસ કરી હતી અને શોધખોળ પણ કરી હતી તેમ છતા બાઈક મળી આવ્યું ન હતું. સેકટર-૭ પોલીસે રોહિતથી મકવાણાની ફરીયાદ લઈ રૂ.૧૫૦૦૦ ની બાઈક ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અથાણાની કેરીનું આગમન : ગુંદા, કેરડાંની પણ માંગ

## ચટાકેદાર અથાણા માટેની કાચી કરી વનરાજ અને રાજાપુરી કેરી સહિત અનેકવિધ પ્રકારની દેશી અને પ્રાદેશિક કેરી અત્યારે બજારમાં ઠલવાઈ છે





ગાંધીનગર, તા.૧૭

ઉનાળાની કાળઝાળ ગરમીની શરૂઆત થતાં જ બજારમાં સિઝનમાં ભરાતાં ચટાકેદાર અથાણાં માટેની કાચી અકિલા કેરી વનરાજ અને રાજાપુરી કેસર સહિત અનેકવિધ પ્રકારની દેશી અને પ્રાદેશિક કેરીઓ અત્યારે બજારમાં ઠલવાઈ છે, જોકે બારેમાસ ખવાતાં અથાણાં માટેની રાજાપુરી અને વનરાજ કેરીની માંગ વધુ રહે છે. અથાણાંના મરી મસાલાના વધેલા ભાવ વચ્ચે રાજાપુરી કેરીનું પ્રતિકિલો રૂ.૭૦થી ૧૦૦ના ભાવે વેચાણ થઈ રહ્યું છે. ઉપરાંત કાળઝાળ ગરમીમાં કાચી કેરીનાં શરબત-મુરબ્બો, ચટાકેદાર અથાણાં સહિતના કેરીનાં વ્યંજન બનાવવા માટે ગૃહિણીઓ દ્વારા કાચી કેરીની ખરીદીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. ગત વર્ષ કરતાં આ વર્ષે કેરીના ભાવમાં રૂ. ૧૦ થી ૨૦નો વધારો થયો હોવાથી ગૃહિણીઓમાં ખરીદી માટે કચવાટ છે. વનરાજ અને રાજાપુરી કેરી દળદાર હોય છે જેનો ભાવ આ વર્ષે રૂ. ૭૦ થી ૧૦૦ પ્રતિકિલો છે. આ ઉપરાંત ખાટું અથાણું બનાવવા માટે દેશી કેરીની પણ માંગ છે. હાલમાં રાજાપુરી કેરી પ્રતિકિલો રૂ. ૪૦ થી ૫૦ અને વનરાજ કેરી પ્રતિકિલો રૂ. ૫૦ થી ૬૦ના ભાવે વેચાઈ રહી છે. જયારે છુટક માર્કેટમાં રાજાપુરી કેરી પ્રતિકિલો રૂ. ૫૦ થી ૬૦ અને વનરાજ કેરી પ્રતિકિલો રૂ. ૬૦ થી ૭૦ના ભાવે વેચાઈ રહી છે. થોડાં વર્ષ પૂર્વે કચરામાં ફેંકાતી ગોટલીઓ અત્યારે બજારમાં મળતી અથાણાંની કેરીના ભાવે જ બજારમાં વેચાઈ રહી છે. માર્કેટમાં જથ્થાબંધ અને છૂટક કેરીના વેપારીના જણાવ્યા મુજબ અખાત્રીજ બાદ અથાણાં માટેની કેરીની સઝન શરુ થતી હોય છે.